દાદા ભગવાન પરિવારનું

જાન્યુઆરી ૨૦૧૯

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# નિંદા

# સંપાદકીય

બાળમિત્રો,

કોઈની ચાડી ચૂગલી કરવી, ખણખોદ કરવી, નિંદા કરવી એ આપણા માટે બહુ સામાન્ય બની ગયું છે. ઈનફેક્ટ, આપણા માટે એ ટાઈમપાસ કે પાશવી આનંદ કે પોતાની અકળામણ બીજા પાસે કાઢી હળવા થવાની બાબત બની ગઈ છે.

પણ જ્ઞાનીને આની ભયાનકતા કાયમ દ્રષ્ટિમાં જ હોય. તેથી તેઓ ક્યારેય આ બધામાં ન પડે.

તો આવો, આ અંકમાંથી આપણે પણ નિંદા કૂથલી વિષેની ભયાનકતા જાણીએ અને આ દુર્ગુણમાંથી બહાર નીકળીએ.

-ડિમ્પલ મહેતા




## અક્રમ એક્સપ્રેસ

વર્ષ : ૧૧, અંક : ૫

સળંગ અંક : ૧૨૫

જાન્યુઆરી ૨૦૧૯

................................

સંપર્ક સૂત્ર :

બાળવિજ્ઞાન વિભાગ

ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,

અમદાવાદ-કલોલ હાઈવે,

મુ.પો. - અડાલજ,

જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.

ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦

email:akramexpress@dadabhagwan.org

Website: kids.dadabhagwan.org

Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2019, Dada Bhagwan Foundation
All Rights Reserved


# નિંદા


લવાજમ (ગુજરાતી)

વાર્ષિક સભ્ય

ભારત : ૨૦૦ રૂપિયા

યુ.એસ.એ. : ૧૫ ડોલર

યુ.કે. : ૧૨ પાઉન્ડ

પાંચ વર્ષ

ભારત : ૮૦૦ રૂપિયા

યુ.એસ.એ. : ૬૦ ડોલર

યુ.કે. : ૫૦ પાઉન્ડ

D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# દાદાજી કહે છે...

પ્રશ્નકર્તા : કોઈની નિંદા કરી ક્યારે કહેવાય?

દાદાશ્રી : કોઈના માટે કંઈ પણ એનું નુકસાન થાય એવું બોલવું અગર તો એને ખરાબ લાગે એવું વાક્ય બોલવું એ નિંદા કહેવાય.

પ્રશ્નકર્તા : નિંદા અને ટીકામાં ફેર?

દાદાશ્રી : ટીકા એટલે શું કે એના પ્રત્યક્ષ દેખાતા દોષો ખુલ્લા કરવા, એનું નામ ટીકા કહેવાય. અને નિંદા એટલે દેખાતા - ના દેખાતા બધું ગા ગા કર્યા કરે, એનું અવળું જ બોલ બોલ કરવું એનું નામ નિંદા.

## વ્યક્તિગત વાત કરવી એ નિંદા

દાદાશ્રી : કોઈ પણ માણસની વ્યક્તિગત વાત કરવી એ નિંદા કહેવાય. સામાન્યભાવે વાત સમજવાની જરૂર. જેને જે અનુકૂળ આવે એ કરે. તમે એની નિંદા કરી શકો નહીં. 'એ ખોટું છે' એમ કહી કે વિચારી શકો પણ નહીં. માણસની નિંદા કરવી એ એને માર્યા બરાબર જ છે. માટે કોઈની નિંદામાં પડવું નહીં. એ પાપ જ છે.

## નિંદા એટલે ...

પ્રશ્નકર્તા : કોઈની નિંદા કરીએ, એ શેમાં આવી જાય?

દાદાશ્રી : નિંદા એ વિરાધનામાં ગણાય. તેથી તો આપણે કહીએ છીએ કે કોઈની નિંદા ના કરીશ. તો ય લોકો પાછળથી નિંદા કરે છે. અલ્યા, નિંદા ના કરાય. આ વાતાવરણમાં બધા પરમાણુઓ જ ભરેલા છે. પહોંચી જાય બધું. કશું એક શબ્દ પણ કોઈના માટે બેજવાબદારીવાળો ના બોલાય. અને બોલવું હોય તો કંઈક સારું બોલ. અપકીર્તિ ના બોલીશ.


પ્રશ્નકર્તા : ગાઢ નિંદા એ કેવી નિંદા?

દાદાશ્રી : આમ સાધારણ નિંદા કરે કે 'એ તો માણસ સારા નથી.' એ સાધારણ નિંદા કહેવાય. પણ એના માટે પેલાને ઠસાવી દે, એ ગાઢ નિંદા કહેવાય. કોઈ માણસનામાં થોડું સારું હોય કે ના હોય?


પ્રશ્નકર્તા : હોય ને!

દાદાશ્રી : ને થોડું અવળું ય હોય. પણ એનું બધું જ અવળું બોલીએ, એવું ના હોવું જોઈએ. 'આવી બાબતમાં જરા એવા, પણ આ બીજી બાબતમાં બહુ સારાં' આવું હોવું જોઈએ.

પણ પ્રતિક્રમણ કરીએ તો જતું રહે.



મૃત્યુ
પામેલાઓનું
પણ ઊંધું ના
બોલાય.
આપણને એનો
ગુનો ચોંટે.



મનુષ્યની નિંદા
કરવી એ
ભગવાનની નિંદા
કર્યા બરાબર
કહેવાય.

# આ તો નવી જ વાત !



સુખિયો માણસ કોઈની નિંદા ના કરે. આ તો દુ:ખિયો લોક કરે.

કોકનો દોષ જુઓને એટલે તમને મીઠાશ વર્તે. અને એમાં મીઠાશ વર્તી એટલે તમારે નર્કગતિમાં જવું પડે.



# નિંદા સામાને માર્યા બરાબર છે



*હિમાલયના પહાડી વિસ્તારમાં આવેલું એ રળિયામણું ગામ, ભારતભરમાં પોતાની સંગીત પ્રણાલી માટે પ્રખ્યાત હતું. પંડિત ભૈરવનાથની સંગીતશાળાના સૂરોનો સાદ દેશભરથી સંગીત અભિલાષીઓને ગામમાં ખેંચી લાવતો. હિમાલયની ઠંડીમાં, સૂરોની ઠંડક ભળતી અને ગામનું વાતાવરણ આહ્‌લાદક બની જતું.*

*વર્ષો જૂની આ સુરીલી પરંપરામાં, થોડા સમયથી ખલેલ પડી હતી. ગામનું વાતાવરણ નિંદા અને કુથલીથી દૂષિત બની ગયું હતું.*

*બન્યું એવું કે શંભુનાથે ગામના પ્રવેશ પર જ પોતાની નવી સંગીતશાળા શરૂ કરી. શાળા ગામના પ્રવેશ પર હોવાને કારણે, નવા વિદ્યાર્થીઓ સ્વાભાવિક રીતે શંભુનાથની શાળાએ જતા. થોડા સમય બાદ ગામમાં એવી વાતો ફેલાઈ કે પંડિત ભૈરવનાથ માટે અવળી વાતો કરીને શંભુનાથ વિદ્યાર્થીઓને પોતાની પાસે જ રાખી લેવા ઈચ્છે છે.*

*શાકભાજીની દુકાન હોય કે મંદિરનો ચોક, શંભુનાથની નિંદા ચારેકોર થવા લાગી.*

*"માસી, સાંભળ્યું છે કે ફરી એક નવા વિદ્યાર્થીને શંભુનાથે પડાવી લીધો." વિનોદીનીએ રાધામાસીના કાને વાત નાખી.*

*"શિવ શિવ શિવ શિવ," કાન પર બે હાથ મૂકી રાધા માસી ફટાફટ "શિવ નામ" ગણગણી ગયા, "પણ એમાં આશ્ચર્યની શું વાત છે? શંભુ જેવો લાલચી મેં જોયો નથી. સંગીતનો આદર કરવાને બદલે એ લાલચુ પોતાનો ડેરો જમાવવા બેઠો છે. પણ આ વિદ્યાર્થીઓ પણ કેટલા મૂરખ કહેવાય કે આવા લાલચુની મીઠી મીઠી વાતોમાં આવી જાય છે."*

*"ના, માસી. બધા વિદ્યાર્થીઓ ડફોળ નથી હોતા. સાંભળ્યું છે કે ગયા અઠવાડિયે જ શંભુનાથના ચંગુલમાંથી છૂટીને એક વિદ્યાર્થી ભૈરવનાથ પાસે પહોંચી ગયો હતો." વિનોદીનીએ પોતાની જાણકારીનું*

પ્રદર્શન કર્યું.

જ્યારે ચારેકોર આવી નિંદા-કુથલીની વાતો ચાલી રહી હોય ત્યારે પંડિત ભૈરવનાથની સંગીતશાળા આવી વાતોથી ખરડાયા વગર ક્યાંથી રહે. પંડિતજીના પ્રિય શિષ્ય આલાપને પણ આ નિંદા-કૂથલીઓ બહુ મૂંઝવી રહી હતી.

સાંજનો સમય હતો. પંડિત ભૈરવનાથ જમી પરવારીને બેઠા હતા.

'પંડિતજી સાથે વાત કરવાનો આ જ યોગ્ય સમય છે,' આલાપે વિચાર્યું અને પંડિતજી પાસે પોતાના દિલની વાત કરવા એ પહોંચી ગયો.

"પંડિતજી, ઘણા દિવસોથી એક વાત મને બહુ જ મૂંઝવી રહી છે," આલાપને પોતાની વાત કહેતા થોડો ખચકાટ થયો.

"શું દીકરા ? બેફિકર રહીને તારા દિલની વાત કહે," પંડિતજી બોલ્યા.

પંડિતજીના શબ્દોથી આલાપને થોડી શક્તિ મળી, "પંડિતજી, હું તો ઘણો ભાગ્યશાળી છું કે ભૂલથી પણ શંભુનાથ પાસે ગયો નહોતો. પણ જે વિદ્યાર્થીઓ એમની પાસે પહોંચી જાય છે, એમનો શું ગુનો ? તમારા વિષે અવળી વાતો કહીને બધા શિષ્યોને પોતાની પાસે રાખી લેવાનો એમને શું અધિકાર છે ?"

પંડિતજીના મુખ પર થોડું હાસ્ય ફરક્યું, "અરે, બધા જ શિષ્યો ક્યાં રાખી લે છે ? થોડા ઘણા તો આપણી પાસે પણ મોકલે છે ને."

"પંડિતજી, આપ આ વાતને ગમે તેટલી હળવી લેવાની કોશિશ કરો પણ મને શંભુનાથનું આ વલણ બિલકુલ પસંદ નથી. એ નવો નિશાળિયો, પોતાની જાતને શું સમજે છે ? અરે, મેં તો એમ પણ સાંભળ્યું છે કે શિષ્યોને પોતાની પાસે રાખવા માટે એ તમારી નિંદા પણ કરે છે. આવું વર્તન ના ચલાવી લેવાય. આપણે એને પાઠ ભણાવવો જોઈએ." આલાપ ઊકળી ઊઠ્યો.

"શાંત થઈ જા, આલાપ," પંડિતજીના ચહેરા પર હવે ગંભીરતા હતી.

થોડી ક્ષણો માટે પંડિતજી મૌન થઈ ગયા. આલાપના દિલના ધબકારા વધી ગયા. એને મનમાં વિચાર આવ્યો, 'ક્યાંક પંડિતજીને મેં નારાજ તો નથી કરી દીધા ને!'



ત્યાં તો પંડિતજી બોલ્યા, "આ વાતનો ઉકેલ છે. તું થોડા સમય માટે શંભુનાથનો શિષ્ય બની જા. મારી સાથે તારો કોઈ સંબંધ છે એવો ઉલ્લેખ ના કરીશ. એમની પાસે રહીને બધી જ હકીકત જાણી લે."

આલાપને પંડિતજીની વાત ગમી ગઈ. બીજે દિવસે, પંડિતજીના આશીર્વાદ લઈને એ શંભુનાથ પાસે પહોંચી ગયો. શંભુનાથ પાસે જઈને સંગીત શીખવાની અભિલાષા દર્શાવી. શંભુનાથે પ્રેમથી આલાપને પોતાના શિષ્ય તરીકે સ્વીકાર્યો.

દિવસો વીતવા લાગ્યા. શંભુનાથ પાસેથી બધી હકીકત જાણવાના હેતુથી આલાપ એમનું દિલ જીતવાની કોશિશ કરવા લાગ્યો. પણ બન્યું એવું કે શંભુનાથે જ આલાપનું દિલ જીતી લીધું હતું. સંગીત પ્રત્યેનો એમનો અનુરાગ આલાપને સ્પર્શી ગયો. સંગીત શીખવવાની એમની અનોખી શૈલીથી એ ખૂબ પ્રભાવિત થયો. શિષ્યો પ્રત્યેનો એમનો પ્રેમ પણ હૃદય-સ્પર્શી હતો.

'જે વ્યક્તિમાં આટલા સારા ગુણો હોય, તે પંડિત ભૈરવનાથ જેવા મહાન સંગીતકારની નિંદા શું કામ કરે ?' આલાપના મનમાં વિચારોની શૃંખલા ચાલી. 'મેં એમને ક્યારેય પંડિતજીની નિંદા કરતા સાંભળ્યા પણ નથી.' એક વિચાર શંભુનાથના પક્ષમાં આવતો તો બીજો વિચાર એને છેદી કાઢતો, 'પણ તે દિવસે પેલા શિષ્યને પંડિત ભૈરવનાથ પાસે જતા રોક્યો તો હતો. એવું કરવા પાછળ શું કારણ હોઈ શકે?'

એક દિવસ તક શોધીને શંભુનાથ પાસે આલાપે પોતાની મૂંઝવણ રજૂ કરી, "ગુરુજી, હું આપનો ખૂબ આદર કરું છું. પણ એક વાત મને સમજાતી નથી. આપ કેમ શિષ્યોને પંડિતજી પાસે જતાં રોકો છો? શું આપ જાણો છો કે આના કારણે આપ આખા ગામમાં નિંદાપાત્ર બની ગયા છો? ગામના લોકો આપને લાલચુ સમજે છે."

બે ક્ષણ શંભુનાથ આલાપ સામે જોઈ રહ્યા અને બોલ્યા, "કેટલા દિવસોથી હું આ પ્રશ્નની રાહ જોઈ રહ્યો હતો."

"હેં!!!!!," આલાપને આશ્ચર્ય થયું.

શંભુનાથે ફોડ પાડ્યો, "પંડિત ભૈરવનાથ મારા ગુરુ છે અને એમની આજ્ઞા અનુસાર જ હું આ કરી રહ્યો છું. પંડિતજીએ જ મને આજ્ઞા કરી છે કે મારી પાસે આવનાર વિદ્યાર્થીઓમાંથી ફક્ત જે ખરેખર ખપી હોય તેમને હું પંડિતજી પાસે મોકલું. બાકી સર્વેને હું જ સંગીતના પાઠ ભણાવું. પંડિતજીની આજ્ઞાનું બખતર પહેર્યું હોય ત્યારે આવી નિંદા-કુથલીઓની અસર ક્યાંથી થાય?"

આલાપ સ્તબ્ધ બની ગયો. શરમથી એના ગાલ લાલ થઈ ગયા.

"અને હા, આલાપ, પંડિતજીએ મને સંદેશ આપ્યો હતો કે તેઓ તેમના પ્રિય શિષ્યને મારી પાસે મોકલી રહ્યા છે." શંભુનાથે આલાપના ગાલ પર મીઠી ટપલી મારીને કહ્યું.

"મને માફ કરી દો ગુરુજી," આલાપ શંભુનાથ સામે ઝૂકી ગયો. "કશું જાણ્યા કર્યા વગર, લોકોની કુથલીઓ સાંભળીને, મેં પણ આપના માટે બહુ જ અવળું વિચારી નાંખ્યું હતું."

શંભુનાથે પ્રેમથી આલાપની પીઠ થાબડી, "કશો વાંધો નહીં દીકરા, હવે સમય થઈ ગયો છે કે તું પંડિતજી પાસે પાછો ફરે."

શંભુનાથનું દિલ મોટું હતું. એટલે એમને આલાપને એની ભૂલનો એહસાસ પણ ના થવા દીધો. પણ આલાપને અત્યંત ખેદ થઈ રહ્યો હતો.


સંગીતશાળા પાછા ફરતા, આખા રસ્તે આલાપ પોતાની ભૂલનો પસ્તાવો કરતો રહ્યો, 'જે પંડિતજીની આજ્ઞા અનુસરી રહ્યા હતા તેમના માટે મેં કેટલું અવળું વિચારી નાખ્યું.'

સંગીતશાળા પહોંચતા જ એણે પંડિત ભૈરવનાથના ચરણ પકડી લીધા, "મને માફ કરી દો ગુરુજી. બહુ મોટી ભૂલ થઈ ગઈ."

"એક વચન આપીશ, મને ?" પંડિતજીએ આલાપ સામે પોતાનો એક હાથ લંબાવ્યો, "કોઈની ગેરહાજરીમાં એમની વાત કરવી હોય તો સારી કરજે. પણ એમની અપકીર્તિ થાય એવો બેજવાબદારીવાળો એક શબ્દ પણ ના બોલીશ. કોઈની નિંદા કરવી, એ એને માર્યા બરાબર છે. માટે નિંદામાં ના પડીશ."

"વચન છે મારું." કહી આલાપે પોતાનો હાથ પંડિતજીના હાથ પર મૂક્યો.

# વાઈબ્રેશન્સ


બુધવારની બપોર હતી. ડેન્ટીસ્ટ ડૉક્ટર બત્રાના વેઈટીંગ રૂમમાં શિવાલી પોતાના ટર્નની રાહ જોઈ રહી હતી.
ત્યાં તો એક જાણીતો અવાજ સંભળાયો.
શિવાલી, તું અહીંયા ?
પ્રિયંકા તું ? .....સો નાઈસ ટુ સી યુ !
વ્હોટ એ પ્લેઝંટ સરપ્રાઈઝ ! તું અહીંયા રહેવા આવી ગઈ ?
ના યાર. માસીને ઘરે લગ્નમાં આવી હતી અને આ દાંતના દુઃખાવાએ બધી મજા મારી નાખી.
પણ હવે તું મળી ગઈ છે તો મજા આવશે. બોલ, શું ખબર છે ?
ગયા મહિને સ્કૂલ રી-યુનિયનમાં તને બહુ મિસ કરી.
શું કહું તને ? મારી પણ બહુ જ ઈચ્છા હતી આવવાની. સાંભળ્યું છે કે એ પાર્ટીમાં ટીના બહુ જ વિચિત્ર કપડાં પહેરીને આવી હતી. આજકાલ એનું મગજ ઠેકાણે નથી રહેતું કે શું ?




પ્રિયંકાએ વાત બદલી નાખી. પણ શિવાલીની ખણખોદ તો ચાલુ જ રહી.
માસી કહેતાં હતા કે ગયા અઠવાડિયે સેજલના ઘરે બહુ જ મોટો ઝઘડો થયો હતો. શું વાત હતી ?
મને કંઈ ખ્યાલ નથી.
શિવાલીને પ્રિયંકાનું વર્તન બહુ જ અજુગતું લાગ્યું. કોઈનીય નેગેટીવ વાત કરવા એ તૈયાર જ નહોતી.
પ્રિયંકા, તું મારાથી કશું છુપાવી રહી છે ? હું તારી સાથે ગોસીપ કરવા માટે તરસી રહી છું. અને તું કંઈ બોલતી જ નથી.
શિવાલી, મેં નક્કી કર્યું છે કે વ્યક્તિની ગેરહાજરીમાં એની નેગેટીવ વાતો નહીં કરું. વ્યક્તિગત વાતો કરવામાં જાણતા-અજાણતા નિંદા થઈ જ જાય છે અને...
ત્યાં તો શિવાલીના સેલફોનની ઘંટડી રણકી.
શિવાલી, ક્યાં ખોવાઈ ગઈ ? એક કલાકથી તારી રાહ જોઈ રહી હતી. હવે હું જાઉં છું.
સોરી આર્યા. ડેન્ટીસ્ટ પાસે આવી છું. અને અહીંયા મને પ્રિયંકા મળી ગઈ.



ઓ.કે. સાંભળ. લીફ્ટમાં જાઉં છું. એટલે કદાચ ફોન કપાઈ જશે. તો.....
હેલ્લો, હેલ્લો...આર્યા, સંભળાય છે ?
આર્યા ઈસ સો રૂડ. એકવાર રાહ જોવી પડી એમાં આટલું બધું શું બગડે છે ? એન્ગ્રી બર્ડ. એનો તો સ્વભાવ જ વિચિત્ર છે.
પ્રિયંકાએ શિવાલીને શાંત રહેવા માટે ઈશારો કર્યો. ગુસ્સામાં શિવાલીને આર્યાના ફોનની રીંગ ના સંભળાઈ.
હાય આર્યા. હાઉ આર યુ.
ફાઈન. સાંભળ, શિવાલીનો ફોન નથી લાગી રહ્યો. તું એને આટલો મેસેજ આપી દેજે કે કાલે હું એને માસીના ઘરે મળવા આવીશ.
ઓ.કે. શ્યોર. બાય.
આર્યાએ તને કેમ ફોન કર્યો ? મારા પર ફોન કરતા એને શું થતું હતું...
શિવાલીની નજર એના ફોન પર ગઈ અને એની આંખો પહોળી જ રહી ગઈ.


ઓહ નો. મારો ફોન તો ચાલુ હતો. આર્યાએ મારી વાત સાંભળી તો નહીં હોય ને ? એનો ટોન કેવો હતો પ્રિયંકા ? એ મારાથી નારાજ હતી ?
શિવાલીને ગભરામણથી પરસેવો છૂટી ગયો.
ના, એવું લાગ્યું તો નહીં. પણ એક વાત કહું તને ? કદાચ ફોન પર એણે તારી વાત નહીં સાંભળી હોય. પણ તારા નેગેટીવ વાઈબ્રેશન્સ એને પહોંચી ગયા હશે.
એટલે ?
આ વાતાવરણમાં પરમાણુ ભરેલા છે. કોઈના માટે એક પણ શબ્દ ઊંધો બોલીએ, તો એને પહોંચી જાય. એટલે જ મેં એક નિયમ રાખ્યો છે.
શું ?
કોઈની ગેરહાજરીમાં એની વાત કરવી હોય તો એની હાજરી એ સમયે ત્યાં છે જ, એમ વિચારીને કરવી.
શિવાલીને પ્રિયંકાની વાત સ્પર્શી ગઈ. દુઃખતી દાઢ પર હાથ મૂકીને...
આજથી હું મોઢામાં શું નાખું છું એનું જ નહીં, પણ મોઢામાંથી શું બહાર કાઢું છું એનું પણ એટલું જ ધ્યાન રાખીશ.

# જીવંત ઉદાહરણ





એન્ડ્રુ કાર્નેગી અમેરિકાના વિખ્યાત ઉદ્યોગપતિ થઈ ગયા. નાની વયે તેઓ અમેરિકા આવ્યા. ગરીબીમાં ઉછરેલા એન્ડ્રુ કાર્નેગી, સ્વપરાક્રમ વડે અમેરિકાના સૌથી મોટા લોખંડના ઉત્પાદક બન્યા.

હજારો માણસો એમના હાથ નીચે કામ કરતા હતા. એક સમય તો એવો હતો, જ્યારે એમના હાથ નીચે ૪૩ જેટલા લક્ષાધિપતિઓ કામ કરતા. તે સમયે એક પત્રકારે કાર્નેગીને બહુ જ સુંદર પ્રશ્ન પૂછ્યો હતો. "સાહેબ, તમે આ બધા માણસો પાસે કેવી રીતે કામ લઈ શકો છો ?"

એમણે જવાબ આપ્યો, "હાથ નીચેના માણસો પાસે કામ લેવું એ ખાણમાંથી એક ઔંસ સુવર્ણ મેળવવા જેવું છે. એક ઔંસ સોનું મેળવવા માટે તમારે અસંખ્ય ટનનો કચરો અને માટી ખોદવા પડે. પણ તમારું લક્ષ સોનું ખોદવાનું છે ને ? તમે જેમ જેમ ખોદતા જાઓ અને ઊંડે ઊંડે ઊતરતાં જાઓ, તેમ તમને કચરો નહીં પણ સોનું દેખાવા લાગશે. તે જ રીતે, તમે લોકોમાં ખોટું શું છે અથવા તો પરિસ્થિતિમાં ખોટું શું છે એ જાણી લો. તમને જે નથી જોઈતું એવું ઘણું તમને જોવા અને જાણવા મળશે. પણ તમારે લક્ષમાં રાખવાનું કે તમે ઉપરનો બધો કચરો, ધૂળ, માટી જોવા માગતા નથી. દરેક પરિસ્થિતિમાં અને દરેક વ્યક્તિમાં કંઈક સારું રહેલું હોય છે. દરેક વ્યક્તિમાં કોઈકને કોઈક ગુણ હોય છે જ. પરંતુ આપણને ખરાબ જોવાની જ આદત પડી ગઈ હોય છે. એક ઔંસ સોનું મેળવવા સેંકડો ટન કચરો ખસેડવો જ પડે. બસ. આ જ વાત છે. દરેકમાં જે સારું હોય તે જુઓ અને એનો ઉપયોગ કરો."

જોયું મિત્રો, સફળ વ્યક્તિઓની કેવી સુંદર લાક્ષણિકતાઓ હોય. કોઈનાય કચરા જોવામાં કે એ વિષે વાતો કરવામાં તેઓને બિલકુલ રસ ના હોય. એન્ડ્રુ કાર્નેગીએ વ્યક્તિઓના પોઝિટિવ ગુણોને લક્ષમાં રાખી, એ ગુણોનો ઉપયોગ કરી, જબરદસ્ત સમૃદ્ધિ મેળવી.

તો ચાલો, આજે આપણે પણ નક્કી કરીએ કે કોઈનાય નેગેટીવ જોઈને, એની નિંદામાં પડી, આપણા ટાઈમ અને એનર્જી વેસ્ટ નહીં કરીએ. દરેક વ્યક્તિના પોઝિટિવ ગુણો લક્ષમાં રાખી, આગળ વધીશું.

# તમારી જાતને

પ્રસ્તુત અંકના આધારે મેળવેલી નવી સમજણ પ્રમાણે નીચેના સંજોગોમાં એમણે



સિમરન તેની ફ્રેન્ડ રિયા અને સોની સાથે વાતો કરી રહી છે અને અચાનક સિમરન એ લોકોની ત્રીજી ફ્રેન્ડ પાર્થીની negative વાતો ચાલુ કરે છે. હવે...

(અ) સોની અને રિયા પણ એની સાથે મળીને એમની પાસે જે પાર્થી માટેનો negative નો stock છે એ share કરવો જોઈએ. ☐

(બ) સોની અને રિયાએ શાંત થવું જોઈએ જેથી રિયાને hint મળે કે આવું ના કરાય. ☐

(ક) સોની અને રિયા ભલે negative ના બોલે પણ સિમરનની વાતમાં agree કરી પાર્થી માટેના negative ની નોંધ કરે. ☐



સોહમ એના ભાઈ નીલ સાથે વાતોમાં ચડીને એમના પાડોશમાં રહેતા નટુકાકાની નિંદા ચાલુ કરે છે ને અચાનક એને નિંદાના જોખમ યાદ આવે છે કે, 'મનુષ્યની નિંદા કરવી એ ભગવાનની નિંદા કર્યા બરાબર કહેવાય'. હવે...

(અ) નિંદા કરવામાં આવતી મજાના કારણે યાદ આવેલા જોખમોને ઉડાડી દે અને નિંદા continue કરે... ☐

(બ) નટુકાકાની વાત કરતાં-કરતાં તેમના પરિવારની પણ નિંદા ચાલુ કરી દે. ☐

(ક) નટુકાકાની નોંધેલી કોક વખતની સારી વાતો યાદ કરી નીલને કહે. ☐



પાંચ ફ્રેન્ડસ - જાનકી, સુઝી, કેયા, મોના અને પંક્તિ પીકનીકમાં એક Adventure Park માં ગયા છે. એમણે જે ધાર્યું હતું એનાથી Adventure Park માં થોડી ઓછી Rides છે અને તેઓ બોર થવા લાગ્યા છે. હવે...

(અ) એમણે એ ટાઈમમાં બેસીને એ પાર્ક કેટલું ફાલતું છે એની ચર્ચા કરી પોતનું ફસ્ટ્રેશન કાઢવું જોઈએ. ☐

(બ) ત્યાંની Management Company ને જઈને વાત કરવી જોઈએ કે - 'આ શું આટલી ઓછી rides રાખી છે?' ☐

(ક) જે Available ગેમ્સ છે એમાં એન્જોય કરી પોતાની ગેમ્સ ઉભી કરી રમવું જોઈએ. ☐

# ચકાસી જુઓ !

શું કરવું જોઈએ? એ યોગ્ય વિકલ્પ પસંદ કરી તેની સામે આપેલ ખાનામાં ટીક કરો.



રીના મેડમ સ્ટાફરૂમમાં બેઠા છે ને ત્યારે જ એમની favourite student જીમ્મી આવીને કહે છે, "મેડમ પેલી સોનાલી કહેતી હતી તમે કેટલું બોરીંગ ભણાવો છો!"રીના મેડમે હવે...

(અ) next class માં સોનાલીને સજા કરવી જોઈએ. ☐

(બ) જીમ્મીની વાત કદાચ સાચી ના પણ હોય એમ વિચારી મૂકી દેવી જોઈએ. ☐

(ક) જીમ્મીને વઢવું જોઈએ કે તે કેમ એને સામે ના સંભળાવ્યું? ☐



નિખિલના કાકાનો દેહાંત થાય અઠવાડિયું થયું છે અને તેમના પડોશી 'એ તો સાવ કેવા હતા... સારું થયું ગયા!' કે છે. હવે...

(અ)નિખિલ કાકાના પોઝીટીવ યાદ કરતા 'After all he was a good man' કહે. ☐

(બ) નિખિલ પણ એમના કાકાથી કંટાળેલો હોવાથી સહમતી આપી હાશ કરે. ☐

(ક) '...આટલું જ નહીં એ તો...' એમ કહી એમની વાતને પ્રોત્સાહન આપે. ☐



રવિના ટીચરે આજે ક્લાસમાં બહુ વધારે હોમવર્ક આપ્યું છે, એ ખીજાઈને એના પપ્પાને ઘરે આવીને ટીચર માટે જેમ-તેમ બોલે છે. હવે એના પપ્પા...

(અ) રવિ સાથે સહમત થઈ બીજા દિવસે સ્કૂલમાં જઈ પ્રિન્સીપલને complain કરે. ☐

(બ) રવિને સહાનુભૂતિ આપતાં કહે, 'ટીચરો આવાં જ હોય'. ☐

(ક) ટીચર કાયમ આપણું હિત જ ઈચ્છે એવી સમજણ આપી તેને શાંત કરે. ☐

# ઐતિહાસિક ગૌરવગાથા

ઈ.સ. પૂર્વે ૩૦૦માં બિહારમાં આવેલું મગધ એક સમૃદ્ધ રાજ્ય હતું. ભગવાન મહાવીરના સમયમાં ત્યાં રાજા શ્રેણિક રાજ્ય કરતા હતા. શ્રેણિકના પૌત્ર ઉદાયીના મૃત્યુ પછી નંદના વંશજોના હાથમાં મગધનું રાજ્ય આવ્યું. તેમાં રાજા ધનનંદ ગાદીએ આવ્યા.

રાજા ધનનંદ સંગીત અને નૃત્યકલાના ખૂબ શોખીન હતા. તેથી તેઓ આખો દિવસ તેમાં જ આસક્ત રહેતા. રાજકાજ પ્રત્યે તેઓ દુર્લક્ષ સેવતા. બધું રાજકાજ એમના મહામંત્રી શકટાલ સંભાળતા. શકટાલ ખૂબ જ ડાહ્યા, જ્ઞાની અને અનુભવી પ્રધાન હતા. પ્રજા તેને ખૂબ જ માન આપતી હતી. અન્ય પ્રધાનો તેની સલાહ લઈ કામ કરતા.


શકટાલને સાત દીકરીઓ અને સ્થૂલિભદ્ર અને શ્રીયક નામે બે દીકરા હતા. સ્થૂલિભદ્ર ચતુર, હોશિયાર અને ખૂબ દેખાવડા હતા. ધર્મમાં તેમને ખૂબ રુચિ હતી. વળી તેઓ વીણવાદનમાં પણ નિપુણ હતા. તેઓ આખો દિવસ પ્રભુભક્તિમાં લીન રહેતા. તેમનો કોઈ એવી મોટી મહત્વાકાંક્ષા નહોતી.

મગધની રાજનર્તકી દેવી સુનંદા હતા. નર્તકી હોવા છતાં તેઓ ખૂબ સંસ્કારી હતા. તેમની મોટી દીકરી રૂપકોશા રૂપરૂપનો અંબાર હતી. એ યુવાન થતાં દેવી સુનંદાએ રાજનર્તકી પદનો ત્યાગ કરી સંયમ જીવન ગાળવાનો નિશ્ચય કર્યો. રૂપકોશા હવે રાજનર્તકીનું પદ શોભાવે એવી એમની ઈચ્છા હતી. રાજા ધનનંદ પાસે એમણે એમની મનોકામના વ્યક્ત કરી. રાજાએ ખુશીથી રજા આપી અને એક ભવ્ય સમારોહનું આયોજન કરાવ્યું, જેમાં રૂપકોશા એના નૃત્યનું પ્રદર્શન કરે. ત્યારબાદ એને રાજનર્તકી પદ પર નિયુક્ત કરવામાં આવશે એવી જાહેરાત કરી.

આખું નગર એ સમારોહનો આનંદ માણવા ગયું. સ્થૂલિભદ્રને આમાં કોઈ રુચિ ન હતી પણ મિત્રના આગ્રહને વશ થઈ તેઓ પણ એ નૃત્ય સમારોહ જોવા ગયા.

રૂપકોશાનું રૂપ અને નૃત્ય બંને પર તેઓ મોહી પડ્યા. ત્યારબાદ તેઓ વારંવાર રૂપકોશાને મળવા જતા. રૂપકોશા પણ તેમના અદ્ભુત વીણાવાદન પર મોહી પડી. એમ બંને એકબીજાના પ્રેમમાં ડૂબતા ગયા.

સ્થૂલિભદ્ર બ્રાહ્મણ કૂળના અને રૂપકોશા એક નર્તકી, માટે સ્થૂલિભદ્રના માતા-પિતાને આ સંબંધ મંજૂર ન હતો. એમના પિતાએ સ્થૂલિભદ્રનો સમજાવવાનો ખૂબ પ્રયત્ન કર્યો પણ સ્થૂલિભદ્ર રૂપકોશાના પ્રેમમાં એટલા આસક્ત બની ગયા હતા કે તેઓ એને છોડી શકે એમ ન હતા. આથી તેઓ ઘર, કુટુંબ અને કારકિર્દીનો ત્યાગ કરી કોશા સાથે રહેવા ચાલ્યા ગયા.



હવે તો તેઓ બસ એકબીજામાં જ મશગુલ રહેતા. દુનિયા જાણે તેઓ ભૂલી જ ગયા હતા. આમ કરતાં અઢાર વર્ષ વીતી ગયા.

આ બાજુ મહામંત્રી શકટાલ ખૂબ નિષ્ઠાથી પોતાની જવાબદારી નિભાવતા હતા. રાજા તેમ જ પ્રજામાં તેના ખૂબ માનપાન હતા. રાજદરબારના મહાકવિ વરરુચિને મંત્રી શકટાલના આટલા માનપાન રુચતા ન હતા. એમને પદભ્રષ્ટ કરવા એમણે મંત્રી વિરુદ્ધ રાજાને કાન ભંભેરણી કરી. રાજામાં એમના પ્રત્યે અવિશ્વાસ જાગૃત થયો. એ જોઈ મંત્રીને બહુ દુઃખ થયું. એમની વફાદારી સાબિત કરવા એમણે આત્મસમર્પણ કરવાનું નક્કી કર્યું.

એણે એમના પુત્ર શ્રીયકને સમજાવ્યો કે, "રાજાની હાજરીમાં જ તું મને મારી નાખજે. તેથી મારી અને તારી વફાદારીની રાજાને ખાતરી થશે."

શ્રીયક પિતાને મારવા કોઈ કાળે તૈયાર નથી થતો.

"પિતૃહત્યાનું પાપ હું નહીં વહોરું." શ્રીયક બોલ્યો.

શકટાલે સમજાવ્યું, "તું મને મારીશ તે પહેલાં હું મુખમાં ઝેરી ગોળી મૂકી દઈશ. એટલે તત્કાળ મારું મોત થશે. તારે તો મરેલા એવા મને મારવાનો દેખાવ જ કરવાનો છે. આમ રાજાને શ્રીયકની વફાદારીનો પરચો મળશે."

અંતે શ્રીયકે પિતાની વાત મંજૂર કરી એ પ્રમાણે કર્યું. પિતાના મૃત્યુ બાદ શ્રીયકે બધી હકીકત રાજા સમક્ષ ખુલ્લી કરી. રાજાને આ સાંભળી પોતાની ભૂલ પર ખૂબ પસ્તાવો થયો.

જ્યારે સ્થૂલિભદ્રે આ કરુણ ઘટના જાણી ત્યારે એ ખૂબ ભોંઠો પડ્યો. અઢાર વર્ષ સુધી સહુને ભૂલીને કે કોશા સાથે જ રહ્યો હતો અને પ્રેમમાં આસક્ત બન્યો હતો. પિતાના મૃત્યુથી તેની આંખો ઉઘડી ગઈ.

હૃદયમાં મનોમંથન શરૂ થયું. 'આટલા બધા વર્ષો કોશા સાથે રહીને મેં શું મેળવ્યું? જે રૂપને હું અઢાર અઢાર વર્ષથી ભોગવી રહ્યો છું છતાં મને તૃપ્તિ થતી નથી. માટે આનો અંત ક્યારેય આવશે જ નહીં. આના કરતાં જ્યારે હું ધર્મમય જીવન જીવતો હતો ત્યારે હું કેટલો સંતુષ્ટ અને તૃપ્ત હતો. અરેરે! મારી ખરી જુવાનીના બધા વર્ષો પાણીમાં ગયા.'

પિતાના મૃત્યુથી, એમને દરેકની જિંદગીનો આ જ અંત હોય છે તે સત્ય સમજાયું. 'શું મૃત્યુથી છટકવાનો કોઈ રસ્તો જ નથી? તો પછી જીવનનો અર્થ શો છે? તો હું કોણ છું? અને મારા જીવનનો હેતુ શું છે?'

આમ મનોમંથન કરતાં કરતાં એમના હૃદયમાં વૈરાગ્ય જાગૃત થયો. સંસારના મોહ પરથી મન ઊઠી ગયું. પોતાની ભૂલોનું પ્રાયશ્ચિત કરી, આત્મ-સાધના સાધી, ક્ષણિક સુખમાંથી મુક્તિસુખ તરફ પ્રયાણ કરવાનું એમણે નક્કી કર્યું. અને તરત જ કોશાનો ત્યાગ કરી આચાર્ય સંભૂતિવિજય પાસે પહોંચી ગયા.

આચાર્ય શરણે જઈને એમણે એમના પાપોની આલોચના કરી. અર્થ વગરની જિંદગીને કેવી રીતે જીવવાથી ઉપયોગી બને તે સમજાવવા કહ્યું. આચાર્યે જોયું તો ત્રીસ વર્ષનો નવજુવાન એમની સામે નતમસ્તકે ઊભો હતો. મોં પરનું તેજ એના ખાનદાનની ચાડી ખાતું હતું. સ્થૂલિભદ્રનું મક્કમ છતાં નમ્ર મનોબળ જોઈને આચાર્યને થયું, કે આના હાથે ધર્મનું મહાન કામ થશે. અને એમણે સ્થૂલિભદ્રને પોતાના શિષ્ય તરીકે સ્વીકાર્યો.

"પિતાના મૃત્યુથી, એમને દરેકની જિંદગીનો આ જ અંત હોય છે તે સત્ય સમજાયું."

**ક્રમશઃ**

# મીઠી યાદેં



૧૯૮૪માં દાદાના વખતની વાત છે. નોરતાનો પહેલો દિવસ હતો. એક મહાત્મા બહેન ગરબાના બહુ શોખીન. તેઓ એના આખા કુટુંબ સહિત નવેનવ દિવસ ગરબા રમવા જાય.

પહેલા નોરતે એમને થયું કે દાદા અહીંયા છે તો એમના દર્શન કરીને ગરબામાં જઈએ. એમ કરીને તેઓ સહકુટુંબ દાદાના દર્શને આવ્યા. બહેન પોતે ખૂબ બનીઠનીને આવ્યા હતા.

દર્શન કર્યા એટલે દાદાએ એ બહેનને ઉપરથી નીચે સુધી જોયા અને પૂછ્યું, "ક્યાં જાઓ છો ?"

બહેન કહે, "દાદા, આજે તો નોરતાનો પહેલો દિવસ છે ને, હું નવે નવ દિવસ નોરતા કરું છું. એટલે ગરબા રમવા જઈએ છીએ."

થોડી વાર રહીને દાદા કહે, "એમ..!" કહી દાદાએ બધાની વિધિ કરી અને બોલ્યા, "આપણે ગરબા અહીંયા ય ગવાય. એકાદ બે ગરબા અહીંયા ગાઈને પછી જજો."

બહેન કહે, "સારું દાદા."

કહી ત્યાં દાદાની હાજરીમાં ગરબા શરૂ કર્યા. અને પછી તો બધું જ ભૂલાઈ ગયું. રાત્રે બાર વાગ્યા સુધી ત્યાં જ ગરબા ચાલ્યા. બધાને બહુ આનંદ થયો. આખી દુનિયા ભૂલાઈ ગઈ. એ બહેન તો બહાર જવાનું ભૂલી જ ગયા.

તે દિવસથી દર વર્ષે દાદાની હાજરીમાં ગરબા થતા. પેલા મહાત્મા બહેનનું ત્યાર પછી કાયમ માટે બહાર ગરબા રમવા જવાનું બંધ થઈ ગયું.

જ્ઞાની કેવા હોય..!


**આપણને ખબરેય ન પડે અને જીવનમાં પરિવર્તન લાવી દે!**











તમારી જાતને ચકાસી જુઓ ! ના જવાબ : ૧)-બ, ૨)-ક, ૩)-ક, ૪)-બ, ૫)-અ, ૬)-ક

Akram Express


January 2019
Year : 11, Issue : 5
Conti. Issue No.: 125

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post office
on 08th of every month

# અને છેલ્લે છેલ્લે...

## નિંદા કરવામાં ૩ જણનું અહિત થાય છે.




જેની નિંદા થઈ રહી છે...

કેમ કે એની આબરૂને નુકસાન થાય છે.



જે નિંદા કરે છે...

કેમ કે એનું આધ્યાત્મિક પતન થાય છે.



જે સાંભળે છે...

કેમ કે જેની માટે નિંદા થઈ રહી છે એની માટે એને ખરાબ અભિપ્રાય બેસી જાય છે.

<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં# હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.